હોળી-ધૂળેટીના પર્વની ઉજવણી આ વખતે ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઈ રહી છે. રંગોના પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સેક્ટર-૭ માં શોપીંગ સેન્ટર જવાના માર્ગ ઉપર રંગોની તેમજ પીચકારીઓની લારીઓ હારબંધ ગોઠવાઈ ગઈ છે જેના કારણે અહીં ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કેમ્પસમાંથી ૧.૫૦ લાખની ચોરી

કેમ્પસમાં બની રહેલા ટ્રેનીંગ સેન્ટરના પાંચમા માળેથી કોપરની પાઈપો ચોરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૯ ખાતે આવેલી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કેમ્પસમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. કેમ્પસમાં નિર્માણ પામી રહેલા ટ્રેનીંગ સેન્ટરના ૫ માળે આવેલા સ્ટોરમાંથી દોઢ લાખની કિંમતનો એર કન્ડીશનીગનો સામાન ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

દેશભરમાં બનતા પેચીદા ગુના ઉકેલવામાં વિખ્યાત ગણાતી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કેમ્પસમાં ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. હાલમાં નેશનલ સાયન્સ ફોરેન્સિક યુનિવર્સિટી કેમ્પસમાં નવા ટ્રેનીંગ સેન્ટર અને ગેસ્ટ હાઉસ માટે બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે એસીનો કોન્ટ્રાકટ ખાનગી કંપનીને આપી દેવાયો છે. ગત તા.૮ માર્ચના રોજ આ સાઈટના પાંચમા માળે એસીનો માલ સામાન મુકવામાં આવ્યો છે. તેમાંથી કોપરની પાઈપ ના રોલ નંગ-૩૬ તેમજ ૪૯૭ એલ્બો અને કપ્લરની ચોરી થયાનું સ્ટોરકિપરને જાણ થઈ હતી. એસીનો માલ સામન અંદર લેવા માટે જતા સ્ટોરરૂમમાં તમામ સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. જેથી કંપનીના એન્જીનિયર દ્વારા ઉચ્ચ અધિકારીઓને ચોરી અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્ટોર રૂમમાં મુકવામાં આવેલા સામાનની ચકાસણી કરવામાં આવતા કોપરના પાઈપના રોલ નંગ-૩૬ તેમજ એલ્બા અને કપ્લર મળી કુલ નંગ-૪૯૭ સહિત કુલ રૂ.૧.૫૨ લાખની મત્તાની ચોરી થવા પામી છે. ચોરી થયેલા સામાનની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ સામાનનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. જેથી કંપનીના મિકેનિકલ જનક પંચાલ દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ૧૯મીએ ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્ર તેની માસિક સમીક્ષા બેઠકોમાં વ્યસ્ત રહેશે.
- જિલ્લા આયોજનની કાર્યવાહક સમિતિની બેઠક ૧૯મીએ કલેકટરના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીના પ્રકોપને લઈ યલો એલર્ટ જાહેર કરવામાં આવેલ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સિનેશનનું કામ ૮૮.૦૮ ટકા થયુ છે. ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના ૧૫ ટકા બાળકોને આજે વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.
- ગુજરાત વિધાનસભાગૃહમાં આજથી ત્રિદિવસીય મીની વેકેશન શરૂ થયુ છે. હવે સોમવારે ગૃહની કાર્યવાહી આગળ વધશે.
- વિધાનસભા ગૃહે આજે પૂર્વ મંત્રી ડૉ. અનિલ જોશીયારા, પૂર્વ સભ્ય સતુભાઈ ઠાકરીયા અને સ્વ. મહેશકુમાર કરમશીભાઈ મકવાણાના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી સદ્‌ગતના આત્માઓની શાંતિની પ્રાર્થના કરી હતી.
- જિલ્લા પંચાયતમાં આજે કર્મચારીઓએ રંગોત્સવની ઉજવણી કરી હતી.
- ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાના સભ્યોએ સપરિવાર ''ધી કાશ્મીર ફાઈલ્સ'' ફિલ્મ નિહાળી હતી.
- વીજીલન્સ કમિશનના પડતર પ્રકરણો અંગે આજે વીજીલન્સ કમિશનરશ્રીની કચેરી દ્વારા વી.સી. યોજી સમીક્ષા કરાઈ હતી.
- જુના સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેકશનની ગાડીઓ અનિયમિત આવતી હોવાની ફરિયાદ ઉઠી છે.

માનવજીવનના કુશળ શિલ્પી : પ્રમુખસ્વામી મહારાજ વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

વિદ્યાનગર ખાતેની સરદાર પટેલ યુનિવર્સિટી અને ગાંધીનગર અક્ષરધામના આર્ષ સંશોધન સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે સંત પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવન આધારિત સેમિનાર યોજાયો હતો. ''માનવ જીવનના કુશળ શિલ્પી : પ્રમુખ સ્વામી મહારાજ'' વિષયે યોજાયેલા સેમિનાર સહિત ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર, અવિરત વિચરણ કરીને ગામે ગામ, દેશપરદેશમાં અસંખ્ય ભાવિકોના સુખઃદુઃખના ભાગીદાર બનીને તેમની સાથે આત્મીયતાપૂર્ણ મુલાકાત કરી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે દિવ્ય જીવન કાર્યને અર્ધ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શ્રૃંખલા સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે. સેમિનારમાં પ્રમુખ સ્વામી મહારાજના જીવન પર ગ્રંથ ક્ષેણીના લેખક ડૉ. પૂ. આદર્શ જીવનસ્વામી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. પ્રો. મહેશચંદ્ર યાજ્ઞિક વક્તા તરીકે તેમજ અતિથિ વિશેષ પદે ચારૂસેટ આણંદના જોઈન્ટ સેક્રેટરી વિપુલભાઈ પટેલ સહિત સિન્ડિકેટ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આર્ષ અક્ષરધામના નિયામક ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને યુનિ.ના એસો. પ્રો. ડૉ. હેતલ પંચાલે અનુક્રમે આભારવિધિ અને સંચાલન કર્યુ હતુ.

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા.૧૭

કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો પૂરી પાડવા કેસીજી શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા મેગા પ્લેસમેન્ટ કેમ્પ ૨૦૨૨ અંતર્ગત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના ઉદ્દીશા તથા પ્લેસમેન્ટ સેલ દ્વારા કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

જેમાં ગુજરાતભરમાંથી અનેક જુદી જુદી નામાંકીત કંપનીઓ જેમ કે ટેક મહીન્દ્રા, કોસમોસ મેન પાવર તેમજ હોસ્પીટાલીટી સર્વિસમાં પદભોગ રેસ્ટોરન્ટે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓના ઈન્ટરવ્યુ લીધા હતા. જુદી જુદી કંપનીના વિષય તજજ્ઞ, એચ.આર. હેડ, ચિરાગભાઈ દરજી, જીગર રાણા, હીરેનભાઈ માંકડ, શૈલેશભાઈ વાઘેલાએ કંપની વિશેની માહિતી આપી હતી. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાંથી પધારેલ મહેમાનોનું અભિવાદન કરી પ્લેસમેન્ટ મેળવેલ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉદ્દીશા, પ્લેસમેન્ટ સેલના કોર્ડીનટેર પ્રા. પ્રતિમા છનિયારા તથા ડૉ. મુન્નાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૫-સી માં જવાના માર્ગ પર ગાયોએ અડ્ડો જમાવી દીધો છે. સેક્ટરમાં જતા-આવતા વસાહતીઓને તેના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા શાળાની ગુણવત્તા જાણવા એકલવ્ય રેસિ. સ્કૂલનું એક્રેડિટેશન

ગાંધીનગર, તા. ૧૭

શાળાઓમાં શિક્ષણથી લઈને સુવિધા સહિતનાં તમામ પાંસાઓની ગુણવત્તા જાણવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્કૂલ એક્રેડિટેશનની પ્રક્રિયા કરવામાં આવે છે. કુલપતિ હર્ષદભાઈ શાહના નિર્દેશ મુજબ યુનિવર્સિટીના એક્રેડિટેશન વિભાગ દ્વારા હાલમાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલનું એક્રેડિટેશન કરવામાં આવ્યું. આ શાળા નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના બારતાડ ગામમાં આવેલી છે. આ પ્રક્રિયામાં શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક તેમજ અન્ય પ્રવૃત્તિઓની સિદ્ધિ વિશેષ જણાઈ. એક્રેડિટેશનની તજજ્ઞ સમિતિના સંયોજક પ્રો.સંજય ગુપ્તાએ જણાવ્યું કે કોઈપણ રાષ્ટ્રના વિકાસનો મુખ્ય આધાર માનવસંપદા છે. તેને કેળવવાનું કાર્ય શિક્ષણ અને શિક્ષકો દ્વારા જ થતું હોય છે.

તેથી દરેક શાળા ગુણવત્તાયુક્ત હોય તે જરૂરી છે અને શાળાની ગુણવત્તા જાણવા એક્રેડિટેશન જરૂરી છે. ત્રણ દિવસની મુલાકાતમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ભૌતિક સુવિધા, અધ્યયન-અધ્યાપન તેમજ સંચાલનના માપદંડો પર મૂલ્યાંકન કરાયું. સમિતિના ડૉ.અશ્વિન નિસરતાએ તમામ પાસાઓ અંગે ઊંડાણપૂર્વક ચકાસણી કરી નિરિક્ષણો કર્યાં. તેમણે સ્થાનિક કક્ષાની આદિવાસી કલા અને સંસ્કૃતિ જળવાય તે માટે શાળામાં સ્થાનિક આદિવાસી વાજિંત્રો અંગેની તાલીમ આપવા અને તેના વિકાસ પર ભાર મુક્યો. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ આ સમગ્ર પ્રક્રિયા થઈ હતી. એક્રેડિટેશનથી કોઈપણ શાળા પોતાના પ્લસ પોઈન્ટસ્ અને માઈનસ પોઈન્ટસ્ જાણી શકે અને જ્યાં ઊણપ કે મર્યાદા જણાય ત્યાં સુધારો કરીને સ્કૂલની ગુણવત્તા વધુ ઊંચી લાવી શકે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં રાજયની અન્ય શાળાઓનું એક્રેડિટેશન હાથ ધરાશે.

વૈષ્ણોદેવી બ્રીજ પાસે એકટીવા સ્લીપ થઈ જતા યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી બ્રીજ ચડતા સમયે એકટીવા સ્લીપ ખાઈ જતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નિપજયું હતું.બનાવ અંગે અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ કોચરબ ઠાકોરવાસ ખાતે રહેતા જીગ્નેશ અશોકભાઈ વાઘેલા એકટીવા નં. જીજે.૦૧.એન.વી.-૮૬૮૩ લઈને અડાલજ થી વૈષ્ણોદેવી તરફ જઈ રહ્યા હતા તે સમયે બ્રીજ ચડતા સમયે અચાનક એકટીવા સ્લીપ ખાઈ જતા યુવક જમીન પર પટકાયો હતો. જેને પગલે એકટીવા ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. ગંભીર રીતે ઘાયલ યુવકને હોસ્પિટલ લઈ જતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાટ સચિન કાફે પાસે ગાડી રીવર્સ લેતા અન્ય ગાડી સાથે અથડાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ભાટ નજીક સચિન કાફે ખાતે ડસ્ટર ગાડીના ચાલકે રીવર્સ લેતા કીયા ગાડી સાથે ટકરાઈ હતી. જેમાં કીયા કારને ખાલી સાઈડના દરવાજે નુકશાન થયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ-કોટેશ્વર સુરમ્યા ખાતે રહેતા મોહિત નિતિનભાઈ શુકલા કીયા સેલ્ટોસ ગાડી નં. જી.જે.૦૧.કે.ઝેડ.-૭૭૭૭ લઈને ગત તા.૬ ના રોજ રાત્રીના સમયે સચિન કાફેમાં ચા-નાસ્તો કરવા ગયા હતા. ત્યારે ગાડીને કાફેની સામે રોડની સાઈડમાં પાર્ક કરી હતી.

કાફેમાં ચા-નાસ્તો કર્યા બાદ ગાડી પાસે ઉભા હતા તે સમયે એક ડસ્ટર ગાડીના ચાલકે તેની ગાડી રીવર્સ કરતા હતા તે સમયે અચાનક તેની ગાડી ફરીયાદીના પગને ટકરાઈ ડ્રાઈવરની ખાલી સાઈડ આગળના દરવાજે ટકરાઈ હતી.રેનોલ્ટ ડસ્ટર ગાડી નં. જી.જે.૨૭.એ.પી.-૪૧૩૭ ના ચાલક જયંતસિંહ સાથે સમાધાનની વાત ચાલી રહી હતી.પરંતુ સમાધાન ન થતા કીયા ગાડીના ચાલકે ડસ્ટર કારના ચાલક સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જીએમએલ-૨૦૨૧માં સ્પેશ્યિલ-૨૬ના નીરજ પ્રજાપતિની અણનમ સેન્ચુરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સે. ૮ માં જીએમએલ-૨૦૨૧ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રમાયેલી લાયન્સ એકેડેમી અને સ્પેશિયલ-૨૬ વચ્ચેની મેચમાં નીરજ પ્રજાપતિની અણનમ સદીની મદદથી સ્પેશ્યિલ-૨૬ની ટીમે ૬ વિકેટે વિજય હાંસલ કર્યો હતો.

ટોસ જીતીને બેટીંગ કરનાર લાયન્સ એકેડેમીની ટીમે કુલદીપ ગઢવીના ૪૯ રન અને સનપ્રીત બગ્ગાના ૮૭ રનની મદદથી ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૨૦૧ રન કર્યા હતા. સ્પેશ્યિલ-૨૬ વતી નીરજ પ્રજાપતિએ ૩૪ રનમાં ૩ અને આદી પટેલે ૨૯ રનમાં ૩ વિકેટ ઝડપી હતી. ૨૧૧ રનના લક્ષ્યાંક સામે સ્પેશ્યિલ-૨૬ની ટીમે નીરજ પ્રજાપતિની નોટઆઉટ ૧૧૦ રન અને વેદ પટેલની ૬૮ રનની પારીની મદદથી ૪૯ ઓવરમાં ૬ વિકેટે ૨૧૪ રન કરી જીત મેળવી હતી. મેન ઓફ ધ મેચ તરીકે નીરજ પ્રજાપતિને સન્માનિત કરાયા હતા.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા સોનીપુર ગામના પશુપાલકો માટે પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા. ૧૬ માર્ચ, ૨૦૨૨ના રોજ ગાંધીનગર તાલુકાના સોનીપુર મુકામે ''મેરા ગાંવ મેરા ગૌરવ'' શિર્ષક હેઠળ સોનીપુર ગામના પશુપાલકો માટે ''પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ'' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કામધેનુ યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉ. એન.એચ. કેલાવાલાએ પશુવ્યંધત્વ નિરાકરણ અને કૃત્રિમ બીજદાનનાં ફાયદા વિષે પશુપાલકોને માહિતી આપી હતી તેમજ પશુપાલન વ્યવસાયમાં ખર્ચ ઘટાડી દૂધ ઉત્પાદન વધારી નફાકારક પશુપાલનનાં પાંચ ''૫'' વિષે સમજ આપી હતી. કાર્યક્રમ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતા ''ગૌધુલિ''નાં ૨૨ માં અંકનું કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાનાં વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીનાં વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. જે.એસ. પટેલ, મધુર ડેરીના જનરલ મેનેજર ડૉ. ડી.એસ. પટેલ, સોનીપુર ગામના સરપંચ મહેશજી ઠાકોર અને સોનીપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન ઈશ્વરજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં ડૉ. એમ.બી. રાજપૂત અને ડૉ. શ્રદ્ધા વેકરિયા દ્વારા આદર્શ પશુપાલન, વ્યવસ્થા અને માવજત, પશુપોષણ અને આહાર વિષે સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમમાં સોનીપુરના ૯૫ થી વધુ પશુપાલકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનાં પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.

જે.એમ.પટેલ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા

ધોરણ-૧૦-૧૨ની વિદ્યાર્થીનીઓ માટે શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

જે.એમ.પટેલ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને શાળામાંથી વિદાય આપવાની સાથે સાથે બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છાઓ આપવા માટે શાળાના આચાર્ય રમીલાબેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફ દ્વારા શુભેચ્છા સમારંભ નો આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહે તેમજ યોગ દ્વારા તેઓનો શારીરિક અને માનસિક સ્તરે વિકાસ થઈ શકે અને પરીક્ષાનો ભય દૂર કરી શકાય તે હેતુથી ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય અને પતંજલી યોગ સમિતિ ના જિલ્લા અધ્યક્ષ ડો. કાનજીભાઈ બાવરીને મુખ્ય અતિથિ તેમજ ભારત સ્વાભિમાન ટ્રસ્ટના પ્રભારી જૈમિનભાઈ વૈદ્ય અને મહિલા પતંજલી યોગ સમિતિ, ગાંધીનગરના જિલ્લા અધ્યક્ષ ડો.નેહલ દેસાઈને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરાયા હતા.

ગુરુજી દ્વારા વિદ્યાર્થીનીઓને યાદ શક્તિ વધારવા ઉપયોગી એવા પ્રાણાયામ તથા આયુર્વેદિક ઉપચાર ની સાથે સાથે તણાવ રહિત રહી પરીક્ષા કેવી રીતે આપી શકાય તે અંગેનું સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં શાળાના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળના સદસ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા અને મંચસ્ત મહેમાનો, આચાર્ય અને સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીનીઓને તેમના આશીર્વચનથી ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે વિદ્યાર્થિનીઓએ પણ તેમના શાળા દરમિયાનના સુંદર અનુભવોને ખૂબ જ ભાવવિભોર થઈને તેમની આગવી શૈલીમાં વ્યક્ત કર્યા હતા..

કોલવડા મકાનમાંથી પાંચ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

કોલવડા ગામે વાણીયા વાસના મકાનમાંથી પોલીસને પાંચ બોટલ દારુની મળી આવી છે. પેથાપુર પોલીસે દારુ કબ્જે કરી ત્રણ શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે કોલવડા ગામે આવતા પોલીસને બાતમી મળી હતી કે કોલવડા વાણીયાવાસ ખાતે રહેતા સુરેન્દ્રસિંહ ઉર્ફે શંભુખાન બહાદુરસિંહ વાઘેલા એ પોતાના મકાનમાં વિદેશી દારૂ સંતાડ્યો છે. જેથી પોલીસે ઘરે રેઈડ કરતા ઘરમાંથી શંભુખાન મળી આવતા તેમને સાથે રાખી તપાસ કરી હતી. જેથી કબાટમાં કપડાની થેલીમાંથી ૫ બોટલ વોડકા મળી આવી હતી.

જયારે આ દારૂ ક્યાંથી લાવ્યા તે અંગે પુછપરછ કરતા તેણે કોલવડા ચાંમુડાપુરા ખાતે રહેતા નરેશ રઈજીભાઈ રાવળનુ નામ સામે આવ્યું હતું. ત્યારે આ પાંચ બોટલ હીરો મારવાડી નામનો શખ્સ ઘરે આવીને આપી ગયો હતો. પેથાપુર પોલીસે ત્રણેય સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવની ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. વિવિધ પ્રાંતના લોકનૃત્યોની રંગત જામી રહી છે. આદિવાસી નૃત્ય, આસામી નૃત્ય, ગોલ નાદ જેવા વિવિધ નૃત્યો અને લોક સંગીતનો રસાસ્વાદ માણવા માટે ગાંધીનગરાઓ સંસ્કૃતિકુંજમાં ઉમટી રહ્યા છે.